ક્રમાંક: પરચ/કાવક્રમ/૨૦૨૨/ ૮૫૫૦
જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
અનાવિલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા તા.૧૬/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ,
માધ્યામિક,ઉ.માધ્યમિક શાળાઓ તમામ,(તમામ બોર્ડ),
સરકારી ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,કોલેજો તમામ,

a.qs1b?l.

વિષય: <u>માન. વડાપ્રધાનશ્રીની કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર,ગાંધીનગર ની મુલાકાત બાબત.</u>

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૧૮/૦૪/૨૦૨૨ ને સોમવારના રોજ સાંજે ૬:૦૦ કલાક થી ૭.૩૦ કલાક સુધી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર,ગાંધીનગરની મુલાકાત લેનાર છે. આ મુલાકાતમાં શિક્ષણ વિભાગે કરેલ પ્રગતિ, નેશનલ એજ્યુકેશન પોલીસી-૨૦૨૦ કાર્યાન્વિત કરવા હાથ ધરાયેલ પ્રકલ્પોની માહિતી મેળવવા, શિક્ષણ વિષયક બાબતોથી અવગત થવા માર્ગદર્શન અને પ્રેરણા આપવાના છે.

માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા લેવાનાર મુલાકાતના સમગ્ર કાર્યક્રમને દૂરદર્શન ગિરનાર ચેનલ-૧૧, વંદે ગુજરાત ચેનલ, બાયઝેગ ચેનલ તથા યુ-ટ્યૂબના માધ્યમથી પ્રસારિત કરવામાં આવનાર છે. ગુજરાત શિક્ષણના પ્રકલ્પો જન જન સુધી પહોંચે તે માટે અત્રેના જિલ્લાના તમામ આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, એસ.એમ.સી/એસ.એમ.ડી.સી.ના સભ્યશ્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સંચાલક મંડળના સભ્યશ્રીઓ ઉપરોક્ત મધ્યમ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીનો આ કાર્યક્રમ નિહાળવા યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે. સદરહુ કાર્યક્રમના જીવંત પ્રસારણની લીંક આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, એસ.એમ.સી/એસ.એમ.ડી.સી.ના સભ્યશ્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સંચાલક મંડળના સભ્યશ્રીઓ સુધી પહોંચે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

આ સમગ્ર કાર્યક્રમના ફોટોગ્રાફ સાથેનો અહેવાલ તૈયાર કરી અત્રેની કચેરીએ મોકલી આપવાનો રહેશે, અને અત્રેથી મોકલવામાં આવનાર Google Form માં કાર્યક્રમ અંતર્ગત માગ્યા મુજબની માહિતી ચોકસાઇ પૂર્વક બિનચૂક ભરવાની રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારી

https://youtu.be/OHfc36W9uoA

નકલ રવાના :

(૧) શિ.નિ.શ્રી/ મ.શિ.નિ.શ્રી,સદર કચેરી, જાણ અને અમલ સારૂં.

(૨) એસ.વી.એસ.કન્વીનરશ્રી, તમામ તરફ જાણ તથા ક્યુડીસી પાસેથી ફોટો સાથેનો અહેવાલ મેળવી અત્રેની કચેરીએ રજૂ કરવા સારૂં.

(3) ક્યુડીસી.કન્વીનરશ્રી, તમામ તરફ જાણ તથા શાળાઓ પાસેથી ફોટો સાથેનો અહેવાલ મેળવી એસ.વી.એસ. કક્ષાએ રજૂ કરવા સારૂં.